છત્તીસગઢ-રાજસ્થાનમાં મોદીનો જાદુ ચાલ્યો નહીં : ભાજપ સ્તબ્ધ

વસુંધરા રાજેની વિરૂદ્ધ લોકોમાં રહેલી નારાજગી સ્પષ્ટપણે ઉભરી આવી છે છત્તીસગઢમાં પણ રાજસ્થાન જેવી સ્થિતિ : લોકસભા પહેલા નવા સમીકરણો

નવી દિલ્હી,તા. ૧૧

રાજસ્થાન, છત્તિસગઢ અને મધ્યપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં આજે મતગણતરીની પ્રક્રિયા શરૂ થયા બાદ સાબિતી મળી ગઇ હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હવે કોઇ લહેર જોવા મળી રહી નથી. કારણ કે મતગણતરી શરૂ થયા બાદ ભાજપને તમામ રાજયોમાં નુકસાનની શરૂઆત થઇ હતી અને છેલ્લે સુધી ભાજપની હાલત કફોડી રહી હતી. છત્તીસગઢમાં ભાજપની કારમી હાર થઇ હતી. બીજી બાજુ રાજસ્થાનમાં પણ સરકાર બચાવવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ સફળતા હાથ લાગી ન હતી. કારણ કે, કોંગ્રેસ પાર્ટીએ આ વખતે સંગઠિત થઇને જોરદારરીતે ચૂંટણી લડી હતી. અશોક ગહેલોત અને સચિન પાયલોટની જોડીએ શાસનવિરોધી પરિબળો વચ્ચે જોરદાર દેખાવ કરીને પાર્ટીની તરફેણમાં માહોલ સર્જવામાં સફળતા મેળવી હતી. આજે ઇવીએમ મારફતે મતગણતરી થઇ હોવા છતાં મોડી સાંજ સુધી તમામ પરિણામો આવી શક્યા ન હતા. કોંગ્રેસ પાર્ટીને રાજસ્થાનમાં ૧૦૦ અને ભાજપને ૭૪ જેટલી સીટ મળી હતી. આવી સ્થિતિમાં અન્યોની ભૂમિકા પણ દેખાઇ રહી છે. મોદીએ ઝંઝાવતી પ્રચાર કરીને શાસનવિરોધી લહેરને બદલવાના પ્રયાસ કર્યા હતા પરંતુ પુરતી સફળતા મળી ન હતી. સાંકડા અંતરથી સાદી બહુમતિ સુધી પાર્ટીને પહોંચાડી શક્યા નથી. મોદી અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે તમામ તાકાત લગાવી હોવા છતાં ઇચ્છિત પરિણામ મળી રહ્યા નથી. મોદી અને યોગી તેમજ ભાજપ પ્રમુખ અમિત શાહે તમામ તાકાત લગાવી દીધી હતી. છતાં ઇચ્છિત પરિણામ ન મળતા નિરાશા ફેલાઇ ગઇ હતી. જો કે ભાજપે ત્રણેય રાજ્યોમાં જોરદાર શાસન વિરોધી પરિબળ હોવા છતાં સ્થિતી મજબુત કરી હતી. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં તેની જોરદાર સ્પર્ધા જોવા મળી હતી. જો કે કોંગ્રેસ પાર્ટીએ પોતાના દમ પર રાજસ્થાનમાં સરકાર બનાવવા માટેની સાદી બહુમતી સુધીની બેઠકો પર લીડ મેળવી લીધી હતી. પાંચ રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીને રાજકીય પંડિતો સેમીફાઇનલ સમાન ગણી રહ્યા હતા. આ સેમીફાઇનલમાં કોંગ્રેસ પાર્ટીની સ્થિતી મજબુત દેખાઇ રહી છે. આજે પરિણામ આવવાની શરૂઆત થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ માટે ચિંતાની શરૂઆત થઇ ગઇ હતી. સ્થાનિક મુદ્દા પણ આ વખતે હતા. રાજસ્થાનમાં વસુન્ધરા રાજે સરકારની સામે સ્થાનિક લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી હતી.

મિઝોરમમાં કોંગ્રેસ પાર્ટીની હાર : એમએનએફની જીત

મિઝોરમમાં આજે વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. ધારણા પ્રમાણે જ આ વખતે મિઝોરમની ચૂંટણીમાં એમએનએફે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને ૪૦ સભ્યોની વિધાનસભામાં ૨૬ સીટો જીતીને ભવ્ય દેખાવ કર્યો હતો જ્યારે કંગ્રેસ

પાર્ટીને પાંચ અને ભાજપને એક સીટ મળી હતી. અન્યોના ખાતામાં આઠ સીટ આવી હતી. મિઝોરમમાં કોંગ્રેસ પાર્ટીની હાર થતાં તેને મોટી પીછેહઠ સાંપડી છે. કારણ કે પૂર્વોત્તરમાં તેની હાલત દિનપ્રતિદિન ખરાબ થતી જાય છે. કોંગ્રેસ પાર્ટી ભારતના દ્વાર ગણાતા પૂર્વોત્તરના તમામ રાજ્યમાંથી હવે સત્તાની બહાર થઇ ગઇ છે. સ્થિતિ એ હતી કે, મુખ્યમંત્રી લાલધનવાલા બંને સીટો પરથી હારી ગયા છે.

કોંગ્રેસ પાર્ટીને રાજ્યમાં માત્ર પાંચ સીટો હાથ લાગી છે. એક પછી એક પૂર્વોત્તરના રાજ્યો કંગ્રેસ પાર્ટીએ ગુમાવી દીધા છે. મિઝોરમમાં ઉંચુ મતદાન થયું હતું. ૭૫ ટકાથી વધુ મતદાન થયું હતું. ચૂંટણીમાં જોરદાર બહુમતિ સાથે એમએનએફે શાનદાર સત્તામાં વાપસી કરી હતી. કોંગ્રેસના મુખ્યપ્રધાન પી. લાલથનહવલા ચંફાઇ સાઉથ સીટ પરથી હારી ગયા છે. તેઓ બે સીટ પરથી મેદાનમાં હતા. મિઝોરમમાં હજુ સુધી માત્ર બે જ મુખ્યપ્રધાન થયા છે. મિઝોરમમાં મુખ્ય વિરોધ પક્ષ મિઝોર નેશનલ ફ્રન્ટ છે. મિઝો નેસનલ ફ્રન્ટના ૪૦ ઉમેદવાર મેદાનમાં હતા. ભાજપના ૩૯ ઉમેદવારો મેદાનમાં હતા. મિઝોરમમાં ઉંચુ મતદાન થયા બાદ ભારે સસ્પેન્સની સ્થિતી હતી. આજે મતગણતરીની શરૂઆત થયા બાદ બંને એમએનએફ દ્વારા લીડ મેળવી લેવામા આવી હતી.

તેલંગાણામાં રાવના જાદુ વચ્ચે ટીઆરએસની પ્રચંડ બહુમતિ

તેલંગાણામાં આજે ટીઆરએસે મજબૂત બહુમતિ હાંસલ કરી હતી. સત્તા પક્ષ ટીઆરએસ દ્વારા વહેલીતકે ચૂંટણી યોજવાના પાસાને સફળતા મળી હતી. કુલ ૧૧૯ સીટો પૈકી ટીઆરએસે મોટાભાગની

સીટો જીતી હતી. મુખ્યમંત્રી કેસીઆરે પણ જીત મેળવી હતી.

જીત બાદ ઉજવણીનો દોર શરૂ થયો હતો. ચંદ્રશેખર રાવે નિર્ધારિત સમય કરતા પહેલા ચૂંટણી યોજવા માટેની માંગ કરીને પાસુ ફેંક્યું હતું. ચંદ્રશેખર રાવ અસલી હિરો તરીકે સાબિત થયા હતા. છ મહિના પહેલા ચૂંટણી મેદાનમાં ઉતરવાના તેમના નિર્ણયને યોગ્ય ગણવામાં આવે છે. તેમની પાર્ટીએ સપાટો બોલાવ્યો હતો. બે તૃતિયાંશ બહુમતિ મેળવી લીધી હતી. આની સાથે જ તેલંગાણામાં સત્તામાં વાપસી કરવાના પ્રયાસમાં રહેલા કોંગ્રેસ અને ટીડીપીના ગઠબંધનના ઇરાદા પર પાણી ફેરવી દીધું હતું. કોંગ્રેસ અને ટીડીપી ગઠબંધનને ખુબ ઓછી સીટો મળી હતી. બીજી બાજુ હૈદરાબાદની રાજનીતિ કરનાર અસાસુદ્દીન ઓવૈસીની પાર્ટી પણ એક સીટ જીતી ગઇ હતી. અકબરુદ્દીન ચંદ્રયાન સીટ પરથી જીતી ગયા હતા. આ પાર્ટીએ ટીઆરએસને ટેકો આપવાની જાહેરાત પહેલાથી જ કરી હતી.

છત્તીસગઢમાં કોંગ્રેસ પાર્ટીએ મેળવેલ બે તૃતિયાંશ બહુમતિ

છત્તિસગઢમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ જોરદાર સપાટો આજે બોલાવ્યો હતો અને પ્રચંડ બહુમતિ મેળવી હતી. છત્તીસગઢમાં અપેક્ષા કરતા પણ વધુ સારો દેખાવ કોંગ્રેસ પાર્ટીનો રહ્યો છે. કોંગ્રેસ પાર્ટીએ અહીં બે તૃતિયાંશ બહુમતિ હાંસલ કરી લીધી છે. છત્તીસગઢમાં છેલ્લા ૧૫ વર્ષથી ભાજપનું શાસન ચાલી રહ્યું હતું. મુખ્યમંત્રી રમણસિંહે ચૂંટણી પરિણામ આવ્યા બાદ આખરે પાર્ટીની હાર સ્વીકારી લીધી હતી અને કહ્યું હતું કે, તેમના નેતૃત્વમાં પાર્ટીએ ચૂંટણી લડી હતી જેથી હારની જવાબદારી પણ તેઓ પોતે સ્વીકારે છે. આના માટે તેઓ પ્રજાના ચુકાદાને માથે ચડાવે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, છત્તીસગઢમાં છેલ્લા ૧૫ વર્ષથી કામ કરવાની તક મળી હતી.

લોકોના હિતમાં જે કંઇપણ થયું તે કામ કરી બતાવ્યું છે. તેમણે કહ્યું હતું કે, હવે વિપક્ષમાં રહીને પ્રજાના મુદ્દાઓને ઉઠાવીશું અને જે કંઇપણ પ્રજાની તકલીફ હશે તેને રજૂ કરીશું. મુખ્યમંત્રી તરીકે સેવા કર્યા બાદ વિપક્ષના નેતા તરીકે નવી જવાબદારીમાં કામ કરીશું. આજે સવારે મતગણતરી શરૂ થયા બાદ પ્રવાહ મળવાની શરૂઆત થઇ હતી. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે કોંગ્રેસે જોરદાર બહુમતિ મેળવી લીધી હતી. આ વખતે સ્થાનિક નેતાઓની મહેનત દેખાઇ હતી. બીજી બાજુ મુખ્યપ્રધાન રમણસિંહના નેતૃત્વમાં ભાજપ સરકારની સામે શાસન વિરોધી પરિબળની અસર જોવા મળી હતી. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે કોંગ્રેસ પાર્ટીએ ૯૦ સીટો પૈકી ૬૬ સીટો પર લીડ મેળવી લીધી હતી.

ભિલોડાના મોહનપુર ગામ પાસે અકસ્માતમાં મહિલાનું મોત

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મોહનપુર ગામ પાસે ગત રાત્રે અજાણ્યા વાહન ચાલકે બાઈક ચાલકને પાછળથી ધડાકાભેર ટક્કર મારતાં બાઈક ચાલક ગંભીર રીતે ઘવાયા હતા.બાઈક પાછળ બેઠેલી મહિલાનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જાયા બાદ ઘટના સ્થળેથી પલાયન થઈ ગયો હતો.પોલીસએ અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ મોહનપુર ગામ પાસે અજાણ્યા વાહન ચાલકએ બાઈક નંબર. જી.જે.૦૧. પી.ક્યું. ૪૫૫૨ ઉપર બાઈક સવાર પતિ, પત્નીને પાછળના ભાગેથી ધડાકાભેર ટક્કર મારી બાઈક ફંગોળાતાં બાઈક ઉપર બેઠેલા રમીલાબેન અમરતભાઈ ડામોર, ઉંમર.વર્ષ.૪૮ રહેવાસી. કણાદર, તા. વિજયનગરના મહિલાના માથાભાઈ ભાગે તેમજ શરીર ઉપર ગંભીર ઈજાઓ થઈ હોવાના કારણે મહિલાનું ઘટના સ્થળે અકસ્માત દરમ્યાન મોત નિપજ્યું હતું. બાઈક ચાલક અમરતભાઈ ખાતુભાઈ ડામોરના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ થઈ હોવાના કારણે સારવાર અર્થે ખસેડાયા હતા.અજાણ્યો વાહન ચાલક ઘટના સ્થળ ઉપરથી વાહન લઈને પલભરમાં પલાયન થઈ ગયો હતો.

વિજયનગર તાલુકાના કણાદર ગામના અશ્વિનભાઈ વાલજીભાઈ ડામોરએ અકસ્માતના બનાવ સંદર્ભે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ચક્ષુદાન મહાદાન

ચાંદખેડા ૧૨-એ શિવદર્શન બંગ્લોઝ ખાતે રહેતા ખાતે ચેતનભાઈ રમેશભાઈ પટેલ ઉ.વ. ૪૨નું અવસાન થતા તેમના કુટુંબીજન મનીષભાઈ પટેલની સંમતિથી તેમના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. જેમાં તબીબી સેવા ડૉ. મેઘા તથા ડૉ. વેલુ એ અને ચક્ષુ લેવા માટે જુસીકાના કાર્યકર શનિ વાઘેલાએ સેવા આપી હતી. ગણપત મકવાણાએ ચક્ષુઓ ચક્ષુબેંક પહોંચાડવાની સેવા આપી હતી.

૨૦૧૯માં પણ ભાજપને પરાજીત કરીશું : રાહુલ ગાંધી

રાફેલ ડિલ અને નોટબંધી મોટા કાંડ છે : વિચારધારાની લડાઈ છે : અમે કોઇને ભારત મુક્ત કરીશું નહીં : રાહુલ

નવી દિલ્હી, તા. ૧૧

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે મોડી સાંજે પાર્ટીના શાનદાર દેખાવ બાદ પત્રકારો સાથે વાતચીત કરી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, નોટબંધી અને જીએસટીના પરિણામ સ્વરુપે લોકોની હાલત કફોડી બની હતી. આગામી દિવસોમાં પણ વિપક્ષને એકસાથે રાખીને આગળ વધવામાં આવશે. રાહુલે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, રાફેલ ડિલ અને નોટબંધી એવા કૌભાંડ છે જેની સામે આગામી દિવસોમાં પણ અવાજ ઉઠાવશે. એક રીતે રાહુલે ભવિષ્ય માટે પણ કોંગ્રેસનો એજન્ડો રજૂ કરી દીધો હતો. રાહુલે કહ્યું હતું કે, યુવાનોનો પ્રશ્ન તમામને સતાવી રહ્યો છે. યુવાનોને સરકાર કેટલા પ્રમાણમાં રોજગારી આપી રહી છે.

રોજગારીનું જે વચન આપ્યું હતું તે તુટી ગયું છે. રોજગારીનું વચન પૂર્ણ થઇ રહ્યું નથી. ખેડૂતોની અંદર પણ આવી જ ભાવના પ્રવર્તી રહી છે. ખેડૂતોને તેમનું ભાવિ દેખાઈ રહ્યું નથી. દેશના લોકોની અંદર એવી ભાવના જાગી ગઈ છે કે, મોદીએ જે વચન આપ્યા હતા તે પુરા કરવાની સ્થિતિમાં નથી. રાહુલ ગાંધીએ એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ આ રાજ્યોમાં શાનદાર દેખાવ કર્યો છે પરંતુ ઈવીએમને લઈને હજુ પણ લોકોમાં ચિંતા છે. ઈવીએમને લઈને પ્રશ્નો થઈ રહ્યા છે. અમે ચૂંટણી જીતી ગયા છે પરંતુ ઈવીએમ સાથે જોડાયેલા મુદ્દા અકબંધ રહ્યા છે. ઈવીએમના રુપમાં અમારી પાસે દેશભરમાં ઈલેક્ટ્રોનિક સિસ્ટમ છે. જેને સમગ્ર દેશની ચૂંટણીને એક સાથે અસર કરી શકાય છે. આવી સ્થિતિમાં બીજા દેશોએ ઈવીએમ ઉપર બેલેટ પેપરને મહત્વ આપ્યું છે. ઈવીએમનો પ્રશ્ન હજુ પણ ગંભીરરીતે રહેલો છે. રાહુલ ગાંધીએ સોમવારની બેઠકની વાત કરતા કહ્યું હતું કે, ભાજપ સરકારની સામે વિપક્ષ એકમત છે.

સિલાદ્રી ગામે બે બાઈકો ધડાકાભેર ટકરાતાં એકનું મોત

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સિલાદ્રી ગામના બસ સ્ટેન્ડ પાસે બે બાઈકો રાત્રે ધડાકાભેર ટકરાતાં એક વ્યક્તિનું સારવાર દરમ્યાન હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં મોત નિપજયું જ્યારે એક વ્યક્તિના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. બજાજ પલ્સર બાઈક ચાલક પુરપાટ ઝડપે ગફલતભરી રીતે બાઈક હંકારતા સામેથી આવતી બાઈકને ટક્કર મારી ઘટના સ્થળ ઉપરથી અજાણ્યો બાઈક ચાલક ભાગી છુટ્યો હતો. પોલીસએ અકસ્માતના બનાવ સંદર્ભે અજાણ્યા બાઈક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સિલાદ્રી ગામના બસ સ્ટેન્ડ પાસે અજાણ્યા બાઈક ચાલકએ ગફલતભરી રીતે પુરપાટ ઝડપે બાઈક હંકારતા સામેથી આવતી હિરો ડીલક્ષ બાઈક નંબર. આર.જે. ૨૭. ઝેડ. એસ.૩૬૯૬ના ચાલકને ટક્કર મારતાં લક્ષ્મણભાઈ ડામોરના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

પરંતુ સારવાર દરમ્યાન લક્ષ્મણભાઈ ડામોરનું મોત નિપજ્યું હતું. બાઈક પાછળ બેઠેલા અજીતભાઈના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના બનાવ સંદર્ભે હરીશભાઈ જીવાભાઈ ડામોર (રહેવાસી.બલીચા, બુન્દ્રા ફળી, તા.ખેરવાડા, જી.ઉદેપુર, રાજસ્થાન) ભિલોડા પોલીસ સ્ટેશનમાં બજાજ પલ્સર બાઈક ચાલક અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી.પોલીસએ અજાણ્યા બાઈક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાંચ વર્ષથી નાસતો ફરતો શખ્સ ઝડપાયો

મહેસાણા જિલ્લાના સાંથલ પોલીસ સ્ટેશનમાં પાંચ વર્ષ અગાઉ વિવિધ ગુનામાં વિજયનગર તાલુકાના મહુવાખેતરા ગામના શખ્સ વિરૂદ્ધ નોંધાયેલી ફરીયાદ બાદ વિજયનગર પોલીસે સોમવારે વહેલી પરોઢે તેને તેના ગામમાંથી ઝડપી લઈ સાંથલ પોલીસને હવાલે કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે વિજયનગર પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૩માં મહેસાણા જિલ્લાના સાંથલ પોલીસ સ્ટેશનમાં વિજયનગરના મહુવાખેતરા ગામના ઈશ્વરભાઈ બળદેવભાઈ ખરાડી વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૮૧ અને ૧૧૪ મુજબ ફરીયાદ નોંધાઈ હતી. ત્યારબાદ તે છુપાઈને રહેતો હતો જે અંગે વિજયનગર પોલીસને બાતમી મળતા ઈશ્વરભાઈ ખરાડીને સોમવારે વહેલી પરોઢે મહુવાખેતરા ગામેથી ઝડપી લીધો હતો.

વળતા પાણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટીએ સીધી લડાઈમાં ભાજપને હાર આપી છે. જો કે, કોંગ્રેસ પાર્ટીને મિઝોરમમાં મોટો ફટકો પડ્યો છે. મિઝો નેશનલ ફ્રન્ટે બહુમતિ હાંસલ કરી લીધી છે. જ્યારે તેલંગાણામાં ટીઆરએસે જોરદાર સપાટો બોલાવ્યો છે અને બે તૃતિયાંશ બહુમતિ હાંસલ કરી લીધી છે. ચૂંટણી પરિણામો આવ્યા બાદ સરકાર રચવાની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. આગામી વર્ષે થનાર લોકસભા ચૂંટણી પહેલા નવા સમીકરણો અને ગઠબંધનને આ પરિણામ જન્મ આપશે. પાંચ રાજ્યોમાં આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા જે પૈકી ત્રણ રાજ્ય રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના પરિણામ કોંગ્રેસ પાર્ટીને સંજીવની આપવામાં ભૂમિકા અદા કરશે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટી હવે વધારે સારી રીતે માયાવતી, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, શરદ પવાર, ચંદ્રબાબુ નાયડુ જેવા ક્ષેત્રિય પક્ષો સાથે ગઠબંધન કરીને આગળ વધશે. કોંગ્રેસ મુક્ત ભારતની વાત કરનાર ભાજપને મોટો ફટકો પડ્યો છે. મધ્યપ્રદેશમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે છેલ્લે સુધી જોરદાર સ્પર્ધા રહી હતી. બીજી બાજુ રાજસ્થાનમાં શરૂઆતમાં તીવ્ર સ્પર્ધા રહ્યા બાદ છેલ્લે કોંગ્રેસે લીડ મેળવી લીધી હતી. પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત અને સચિન પાયલોટના નેતૃત્વમાં આ જોડીએ જોરદાર દેખાવ કર્યો હતો. મુખ્યમંત્રી વસુંધરા રાજે પોતે જીતી ગયા હતા પરંતુ તેમની પાર્ટી અને અનેક પ્રધાનોને હારનો સામનો કરવો પડ્યો હતો. ૧૯૯ સીટોના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. કોંગ્રેસે નાના પક્ષો સાથે મળીને સરકાર બનાવવા માટે સફળતા હાંસલ કરી લીધી છે. છત્તીસગઢમાં કોંગ્રેસ પાર્ટીને બે તૃતિયાંશ બહુમતિ મળવાના સંકેત દેખાઈ રહ્યા છે. છત્તીસગઢમાં છેલ્લા ૧૫ વર્ષથી સત્તામાં રહેલી ભારતીય જનતા પાર્ટીને નિરાશા હાથ લાગી છે. રમણસિંહની સરકારનું પતન થયું છે. છત્તીસગઢમાં શાસનવિરોધી પરિબળ વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ જોરદાર સપાટો બોલાવ્યો છે અને બે તૃતિયાંશ બહુમતિ હાસલ કરી લીધી છે. મુખ્યમંત્રી રમણસિંહે પાર્ટીની હાર માટેની નૈતિક જવાબદારી આજે સ્વીકારી લીધી હતી. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીના શાનદાર દેખાવથી અજીત જોગીને પણ મોટો ફટકો પડ્યો છે. તેલંગાણામાં આ વખતે ચંદ્રશેખર રાવ હિરો તરીકે સાબિત થયા છે. તેલંગાણામાં વહેલીતકે ચૂંટણી યોજવાનો નિર્ણય કેસીઆર દ્વારા કરવામાં આવ્યો હતો જે બિલકુલ યોગ્ય સાબિત થયો છે. તેમની પાર્ટીએ બે તૃતિયાંશથી પણ વધુ સીટો જીતી લીધી છે. આની સાથે જ કેસીઆરે તેલંગાણામાં સત્તામાં આવવાના સપના જોનાર કોંગ્રેસ અને ટીડીપી ગઠબંધનના સપના ઉપર પાણી ફેરવી દીધું છે. કોંગ્રેસ-ટીડીપી ગઠબંધનને નજીવી સીટો મળી છે. ટીઆરએસને વર્ષ ૨૦૧૩માં ૬૩ સીટો મળી હતી. મુખ્યમંત્રી કેસીઆર ગજવેલ સીટ પરથી જીતી ગયા છે. મિઝોરમમાં કોંગ્રેસ પાર્ટીનો સફાયો થયો છે. આની સાથે જ કોંગ્રેસ પાર્ટી એકમાત્ર પૂર્વોત્તર રાજ્ય ધરાવનાર પણ ગુમાવી દેતા કોંગ્રેસને ફટકો પડ્યો છે. અહીં ૪૦ વિધાનસભા સીટો માટે ૨૯મી નવેમ્બરના દિવસે ૭૫ ટકા મતદાન થયું હતું. રાજસ્થાનમાં અને મધ્યપ્રદેશમાં મોડા સુધી જોરદાર સ્પર્ધા રહી હતી. જો કે, આખરે બંને જગ્યાઓએ કોંગ્રેસ પાર્ટીએ પોતાની સ્થિતિ મજબૂત બનાવી હતી. તેલંગાણા અને મિઝોરમમાં બિલકુલ સ્પષ્ટ પરિણામો જાહેર થયા છે. એક્ઝિટ પોલના તારણ મુજબ જ મધ્યપ્રદેશ અને રાજસ્થાનના પરિણામ રહ્યા છે પરંતુ છત્તીસગઢના પરિણામ ચોંકાવનારા રહ્યા છે.

કદ વધશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. તેમના ઝંઝાવતી પ્રચાર અને પ્રજા વચ્ચે ઉઠાવવામાં આવેલા બેરોજગારી, નોટબંધી, જીએસટી સહિતના મુદ્દાની અસર દેખાઈ છે. આ ઉપરાંત ખેડૂતોના મુદ્દાને રાહુલ ગાંધીએ સફળરીતે ચગાવવામાં સફળતા મેળવી હતી. આની સાથે જ ખેડૂતોના મુદ્દાને ચગાવવાનો લાભ પણ મળ્યો છે. રાહુલ ગાંધી આ વખતે સફળરીતે આક્રમક યોજના સાથે મેદાનમાં ઉતર્યા હતા. કોંગ્રેસ પાર્ટીને હવે આગામી દિવસોમાં વધારે આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની તક મળશે.

૨૦૧૯ની ચૂંટણી માટે માયાવતી, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, શરદ પવાર, ચંદ્રાબાબુ નાયડુ જેવા પક્ષો સાથે ગઠબંધન કરવામાં પણ સરળતા રહેશે. રાહુલ ગાંધીએ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં પૂર્ણ તાકાત લગાવી દીધી હતી અને જોરદાર પ્રચાર કર્યો હતો. જેના કારણે પાર્ટીને લાભ થયો છે. વિવિધ રાજ્યોમાં હવે કોંગ્રેસને સફળતા મળ્યા બાદ વિપક્ષી ગઠબંધનની તક મજબુત બનશે. સફળતા મળવાથી કોંગ્રેસનુ કદ વિરોધ પક્ષોમાં મજબુત બનશે. બીજી બાજુ ભાજપના સાથી પક્ષો સાથ છોડી શકે છે જેમાં શિવ સેનાનો સમાવેશ થાય છે. ગઈકાલે જ કુશવાહની પાર્ટીએ એનડીએ સાથે છેડો ફાડી લીધો હતો. હજુ ભાજપને કેટલાક ફટકા પડી શકે છે. લોકસભાની ચૂંટણી પહેલા કેટલાક નવા સમીકરણ રચાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પાંચ રાજ્યોમાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એગ્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા હતા. જેમાં મોટા ભાગે પોલમાં કોંગ્રેસની સ્થિતી સારી દર્શાવવામાં આવી હતી.

નવા ગવર્નર

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી હતી. તેમની અવધિ ૨૦૧૯માં પુરી થઈ રહી હતી. ઉર્જિત પટેલ આરબીઆઈના ૨૪માં ગવર્નર તરીકે નિમાયા હતા પરંતુ સરકાર અને આરબીઆઈ વચ્ચે છેલ્લા ઘણા સમયથી ખેંચતાણ ચાલી રહી હતી. આખરે તેઓએ ગઈકાલે રાજીનામુ આપી દીધું હતું. ઉર્જિત પટેલની એકાએક બાદબાકીની અસર આજે બજારમાં શરૂઆતમાં જોવા મળી હતી અને બજારમાં કડાકો બોલી ગયો હતો. સ્વાયત્તાના મુદ્દા ઉપર મુખ્યરીતે લડાઈ ચાલી રહી હતી. શક્તિકાંત દાસ હાલમાં કેટલાક હોદ્દા ઉપર કામ કરીને પોતાની કુશળતા દર્શાવી ચુક્યા છે. આર્થિક બાબતોના સેક્રેટરી તરીકે તેઓ સેવા આપી ચુક્યા છે. રિઝર્વ બેંકના ૨૫માં ગવર્નર તરીકે તેઓએ જવાબદારી સંભાળી છે. પોતાની નિર્ધારિત અવધિથી પહેલા રાજીનામુ આપનાર ઉર્જિત પટેલ ૧૯૯૦ બાદ પ્રથમ ગવર્નર બન્યા હતા. અલબત્ત પોતાના નિર્ણય માટે ઉર્જિત પટેલે અંગત કારણોને જવાબદાર ગણાવ્યા હતા પરંતુ એમ માનવામાં આવી રહ્યું હતું કે, સરકાર સાથે ખેંચતાણ ચાલી રહી હતી. જે નવા નામ ઉપર ચર્ચા ચાલી રહી હતી તેમાં ફાઈનાન્સિયલ સર્વિસના રાજીવકુમાર, આર્થિક બાબતોના એસસી ગર્ગ, આઈએમએફના કારોબારી ડિરેક્ટર સુબીર ગોકરનનો સમાવેશ થાય છે.

સન્નાટો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એલિસબ્રીજ ખાતેના કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ, એનએસયુઆઈ, મહિલા કોંગ્રેસ, રાજીવ બ્રિગેડ સહિતના સંગઠનોના કાર્યકરો અને નેતાઓ જીતના જશ્નની ઉજવણીમાં ગળાડૂબ બન્યા હતા. ઢોલ-નગારા અને અબીલ ગુલાલની છોળો વચ્ચે કોંગ્રેસનો વિજયોત્સવ મનાવાયો હતો. આવા જ દ્રશ્યો વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભરૂચ સહિતના સ્થળોએ પણ જોવા મળ્યા હતા. કોંગ્રેસના કાર્યકરો રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીના નારા લગાવતાં જોવા મળ્યા હતા. પાંચ રાજ્યોના પરિણામો એક પણ રાજ્યમાં ભાજપની સત્તાના અણસાર સુધ્ધાં જોવા મળ્યા ન હતા.

કોંગ્રેસને બહુ નોંધપાત્ર ફાયદાની સાથે સાથે ભાજપનું જોરદાર ધોવાણ થયું હતું, તેને લઈ ભાજપની છાવણીમાં સન્નાટો પથરાઈ ગયો હતો. ગુજરાત બીજેપીના કાર્યાલય કમલમ્ ખાતે પણ વલણ જાહેર થતાં સન્નાટો વ્યાપી ગયો હતો. બીજી તરફ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અમદાવાદ સહિતના વિવિધ શહેરોના કાર્યાલય અને માર્ગો પર કોંગ્રેસના કાર્યકરોએ વિજયોત્સવ મનાવાઈ રહ્યો હતો. કોંગ્રેસના કાર્યકરો, સ્થાનિક આગેવાનો-નેતાઓએ ફટાકડા ફોડી, મીઠાઈ વહેંચી જીતનો જશ્ન મનાવ્યો હતો. રાજકોટ સહિતના કેટલાક સ્થળોએ પોલીસે કોંગી કાર્યકરોની અટકાયત કરતાં કોંગ્રેસે ઉગ્ર રોષ ઠાલવ્યો હતો અને પોલીસ પર સરકારના ઈશારે દમનકારી નીતિનો આરોપ લગાવ્યો હતો. ત્રણ રાજ્યોમાં સત્તા મેળવવાના કોંગ્રેસના પરિણામોને લઈ ગુજરાત સહિત દેશભરમાં મોડી રાત સુધી કોંગ્રેસની છાવણીમાં ભારે હર્ષોલ્લાસ અને જશ્નનો માહોલ છવાયેલો રહ્યો હતો.

પાઈપ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાઈન પણ બદલવામાં આવશે. પાણીની લાઈન બદલવા માટે પણ તંત્ર દ્વારા આયોજન કરી દેવાયુ છે.જેમાં શહેરના પાલજ , બાસણ અને બોરીજ ગામમાં પાણીની નવી લાઈન નાંખવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરાશે. હાલ આ ગામોમાં અંદાજિત ૮૦ એમ એમ ની લાઈનો છે. જયારે ગામની વસતી અને વિકાસ મુજબ લાઈન અપગ્રેડ ક